# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,

**બ્લોક નં. ૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦, ગાંધીનગર**

**જાહેરાત ક્રમાંકઃ ૨૧૩/૨૦૨૩૨૪ થી ૨૨૪/૨૦૨૩૨૪ અંગેની વિગતવાર સુચનાઓ**
**(વેબસાઇટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in)**

---

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા જુદા જુદા વિભાગોના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓ હસ્તકની કચેરીઓમાં વર્ગ–૩ ના જુદા જુદા તાંત્રિક સંવર્ગોની નીચે દર્શાવેલ સીધી ભરતીની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની પ્રક્રિયામાં પસંદગી/ પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી **OJAS** ની વેબસાઇટ પર ઓનલાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in** વેબસાઈટ પર **તા.૧૭/૧૧/૨૦૨૩** (૧૪–૦૦ કલાક) **થી તા.૦૨/૧૨/૨૦૨૩** (સમય રાત્રીના ૧૧–૫૯ કલાક સુધી) દરમ્યાન ઓન–લાઈન અરજી કરવાની રહેશે. અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત (આગળ ફકરા નં–૭ માં દર્શાવેલ) આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા જ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ મંડળની **https://gsssb.gujarat.gov.in** વેબસાઇટ પર મૂકવામાં આવશે, તેથી સમયાંતરે મંડળની વેબસાઇટ અચુક જોતા રહેવું.

૧) અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ (આ જાહેરાતમાં ફકરા નં. ૭ માં દર્શાવેલ છે. તે સહીત) આ સમગ્ર જાહેરાત ઓન–લાઇન અરજી કરતાં પહેલાં ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.

૨) ઓન–લાઈન અરજી કરતી વખતે ઉમેદવારે કોઇ પ્રમાણપત્રો જોડવાના નથી. પરંતુ, ઓન–લાઈન અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતોને આધારે ઓન–લાઇન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિ, શારીરિક ખોડખાંપણ (લાગુ પડતું હોય તો), માજી સૈનિક (લાગુ પડતુ હોય તો) તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓન–લાઇ અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. જેથી અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી રદ થવાપાત્ર ઠરે નહીં.

૩) **પરીક્ષા પદ્ધતિ** – પસંદગીની પ્રક્રિયામાં જાહેરાતમાં ફકરા નં.–૯ માં દર્શાવ્યા મુજબની એક તબક્કાની હેતુલક્ષી પ્રશ્નોવાળી **OMR** પદ્ધતિની **અથવા Computer Based Response Test (CBRT)** ઓનલાઇન સ્પર્ધાત્મક પરીક્ષામાંથી ઉમેદવારે પસાર થવાનું રહેશે.

૪) જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની અમુક સૂચનાઓ મોબાઇલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો

અને સમગ્ર ભરતી  પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી, અરજીપત્રક ભરતા સમયે દર્શાવેલ મોબાઈલ નંબર જાળવી રાખવો જરૂરી અને આપના હિતમાં છે.

## ૧.  સંવર્ગવાર જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | વિભાગ/ ખાતાની વડાની કચેરીનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ.વર્ગ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. વર્ગ | શારીરિક અશકત (દિવ્યાંગ) | માજી સૈનિક |
| **૨૧૩/૨૦૨૩૨૪ સર્વેયર, વર્ગ–૩** | સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગાંધીનગર | **૪૧૨** | ૧૬૪ | ૪૦ | ૨૮ | ૭૦ | ૧૧૦ | ૫૪ | ૧૩ | ૦૯ | ૨૩ | ૩૬ | **૧૭** | **૪૧** |
| **૨૧૪/૨૦૨૩૨૪ સીનીયર સર્વેયર, વર્ગ–૩** | સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગાંધીનગર | **૯૭** | ૪૪ | ૦૯ | ૦૨ | ૧૮ | ૨૪ | ૧૪ | ૦૨ | ૦૦ | ૦૫ | ૦૭ | **૦૪** | **૦૯** |
| **૨૧૫/૨૦૨૩૨૪ પ્લાનીંગ આસીસ્ટન્ટ, વર્ગ–૩** | નિયામકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન, ગાંધીનગર | **૬૫** | ૩૨ | ૦૬ | ૦૨ | ૧૪ | ૧૧ | ૧૦ | ૦૧ | ૦૦ | ૦૪ | ૦૩ | **૦૩** | **૦૬** |
| **૨૧૬/૨૦૨૩૨૪ સર્વેયર, વર્ગ–૩** | નિયામકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન, ગાંધીનગર | **૬૦** | ૩૩ | ૦૬ | ૦૪ | ૦૮ | ૦૯ | ૧૦ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૨ | **૦૨** | **૦૬** |
| **૨૧૭/૨૦૨૩૨૪ વર્ક આસીસ્ટન્ટ, વર્ગ–૩** | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | **૫૭૪** | ૨૪૩ | ૫૭ | ૪૧ | ૭૮ | ૧૫૫ | ૮૦ | ૧૮ | ૧૩ | ૨૫ | ૫૧ | **૨૪** | **૫૭** |
| **૨૧૮/૨૦૨૩૨૪ ઓક્યુપેશનલ થેરાપીસ્ટ,વર્ગ–૩** | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | **૦૬** | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |
| **૨૧૯/૨૦૨૩૨૪ સ્ટરીલાઈઝર ટેક્નીશીયન, વર્ગ–૩** | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | **૦૧** | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૨૨૦/૨૦૨૩૨૪ કન્યાન તાંત્રિક મદદનીશ, વર્ગ–૩** | નાણા વિભાગ | **૧૭** | ૦૭ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૫ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | **૦૧** | **૦૧** |
| **૨૨૧/૨૦૨૩૨૪ ગ્રાફિક ડિઝાઇનર, વર્ગ–૩** | <u>ઉદ્યોગ અને ખાણ વિભાગ</u> ગાંધીનગર પ્રેસ | **૦૧** | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |
| | વડોદરા પ્રેસ | **૦૧** | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |
| | રાજકોટ પ્રેસ | **૦૧** | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |
| | ભાવનગર પ્રેસ | **૦૧** | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |
| | **કુલ** | **૦૪** | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |
| **૨૨૨/૨૦૨૩૨૪, મશીન ઓવરશીયર, વર્ગ–૩** | <u>ઉદ્યોગ અને ખાણ વિભાગ</u> ગાંધીનગર પ્રેસ | **૦૧** | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |
| | રાજકોટ પ્રેસ | **૦૧** | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |
| | **કુલ** | **૦૨** | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |
| **૨૨૩/૨૦૨૩૨૪, વાયરમેન, વર્ગ–૩** | <u>ઉદ્યોગ અને ખાણ વિભાગ</u> ગાંધીનગર પ્રેસ | **૦૨** | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |
| | વડોદરા પ્રેસ | **૦૨** | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |
| | ભાવનગર પ્રેસ | **૦૧** | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |
| | **કુલ** | **૦૫** | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |
| **૨૨૪/૨૦૨૩૨૪, જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ, વર્ગ–૩** | <u>ઉદ્યોગ અને ખાણ વિભાગ</u> અમદાવાદ પ્રેસ | **૦૨** | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |
| | ભાવનગર પ્રેસ | **૦૧** | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |
| | **કુલ** | **૦૩** | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | **૦૦** | **૦૦** |

ઉપર દર્શાવેલ જગ્યાઓ પૈકી માજી સૈનિકો અને શારિરીક રીતે વિકલાંગ ઉમેદવારો માટેની સંવર્ગવાર અનામત જગ્યાઓ નીચે દર્શાવ્યા મુજબની રહેશે.

| જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ | કુલ જગ્યાઓ | માજી સૈનિક | શારિરીક અશક્ત (દિવ્યાંગ) | A | B | C | D & E |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧૩/ ૨૦૨૩૨૪ | સર્વેયર, વર્ગ–૩ (મહેસૂલ વિભાગ) | ૪૧૨ | ૪૧ | ૧૭ | - | ૦૫ | ૦૫ | ૦૭ |
| ૨૧૪/ ૨૦૨૩૨૪ | સીનીયર સર્વેયર, વર્ગ–૩ | ૯૭ | ૦૯ | ૦૪ | – | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૨૧૫/૨૦૨૩૨૪ | પ્લાનીંગ આસીસ્ટન્ટ, વર્ગ–૩ | ૬૫ | ૦૬ | ૦૩ | – | ૦૨ | ૦૧ | – |
| ૨૧૬/૨૦૨૩૨૪ | સર્વેયર, વર્ગ–૩ | ૬૦ | ૦૬ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૨૧૭/૨૦૨૩૨૪ | વર્ક આસીસ્ટન્ટ, વર્ગ–૩ | ૫૭૪ | ૫૭ | ૨૪ | ૦૬ | ૦૬ | ૦૬ | ૦૬ |
| ૨૧૮/૨૦૨૩૨૪ | ઓક્યુપેશનલ થેરાપીસ્ટ, વર્ગ–૩ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૧૯/૨૦૨૩૨૪ | સ્ટરીલાઇઝર ટેકનીશીયન, વર્ગ–૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૨૦/૨૦૨૩૨૪ | કન્યાન તાંત્રિક મદદનીશ, વર્ગ–૩ | ૧૭ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૨૨૧/૨૦૨૩૨૪ | ગ્રાફિક ડિઝાઇનર, વર્ગ–૩ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૨૨/૨૦૨૩૨૪ | મશીન ઓવરશીયર, વર્ગ–૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૨૩/૨૦૨૩૨૪ | વાયરમેન, વર્ગ–૩ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૨૪/૨૦૨૩૨૪ | જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ, વર્ગ–૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટે અનામત જગ્યા હોય તે જગ્યા પર ઉમેદવારી નોંધાવવા માટે તેમજ અનામત સિવાયની જગ્યા પર ઉમેદવારી નોંધાવવા માંગે ત્યારે નીચે મુજબની **દિવ્યાંગતા માન્ય રહેશે:**

| જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | શારિરીક વિકલાંગ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | બધિર અને ઓછું સાંભળનાર | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ | સ્વલીનતા બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી અને (A) થી (D) હેઠળના વ્યક્તિમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા |
|---|---|---|---|---|---|
| | | A | B | C | D & E |
| ૨૧૩/ ૨૦૨૩૨૪ | સર્વેયર, વર્ગ–૩ (મહેસુલ વિભાગ) | - | D, HH | OA, OL, LC, Dw, AAV | SLD, MI (40-70%), MD (40-70%) |
| ૨૧૪/ ૨૦૨૩૨૪ | સીનીયર સર્વેયર, વર્ગ–૩ | - | D, HH | OA, OL, LC, Dw, AAV | SLD, MI (40-70%), MD (40-70%) |
| ૨૧૫/ ૨૦૨૩૨૪ | પ્લાનીંગ આસીસ્ટન્ટ, વર્ગ–૩ | - | D, HH (40-70%) | OA, OL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI, MD (40-70%) |
| ૨૧૬/૨૦૨૩૨૪ | સર્વેયર, વર્ગ–૩ | - | D, HH (40-70%) | OA, OL, LC, Dw, AAV | SLD, MI, MD (40-70%) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **૨૧૭/૨૦૨૩૨૪** | **વર્ક આસીસ્ટન્ટ, વર્ગ-૩** | LV (40-70%) | D, HH | OA, BL, OL, CP, LC, Dw, AAV, SD, SI | ASD(M, MoD), ID, SLD, MI (40-70%), MD (40-70%) |
| **૨૧૮/૨૦૨૩૨૪** | **ઓક્યુપેશનલ થેરાપીસ્ટ, વર્ગ-૩** | B, LV | D, HH | OL, Dw, AAV | SLD, MI, MD (40-70%) |
| **૨૧૯/૨૦૨૩૨૪** | **સ્ટરીલાઇઝર ટેક્નીશીયન, વર્ગ-૩** | - | D, HH (40-100%) | OL, CP, LC, Dw, AAV | ASD (M), ID, SLD, MI, MD (40-70%) |
| **૨૨૦/૨૦૨૩૨૪** | **કન્યાન તાંત્રિક મદદનીશ, વર્ગ-૩** | B, LV (40-70%) | D, HH (40-70%) | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD(M), SLD, MI(40-70%), MD (40-70%) |
| **૨૨૧/૨૦૨૩૨૪** | **ગ્રાફિક ડિઝાઇનર, વર્ગ-૩** | - | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI (40-70%), MD (40-70%) |
| **૨૨૨/૨૦૨૩૨૪** | **મશીન ઓવરશીયર, વર્ગ-૩** | - | D, HH | OA, BA, OL, CP, LC, Dw, AAV, SD, SI | SLD, MI (40-70%), MD (40-70%) |
| **૨૨૩/૨૦૨૩૨૪** | **વાયરમેન, વર્ગ-૩** | - | D, HH | OA, OL, LC, Dw, AAV, SD, SI | ASD(M, MoD), MI(40-70%), MD (40-70%) |
| **૨૨૪/૨૦૨૩૨૪** | **જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ, વર્ગ-૩** | LV (40-70%) | D, HH | OL, CP, Dw, AAV, SD, SI | ASD (M), ID, SLD, MI (40-70%), MD (40-70%) |

**B** (Blind), **LV** (Low Vision), **FD** (Fully Deaf), **D** (Deaf), **HH** (Hard of Hearing), **OA** (One Arm), **OL** (One leg), **BL** (Both Legs), **OAL** (One Arm and One leg), **BLOA** (Both Leg One Arm), **CP** (Cerebral palsy), **LC** (Leprosy Cured), **Dw** (Dwarfism), **AAV** (Acid Attack Victim), **SD**(Spine Deformity), **SI** (Spinal Injury without any associate neurological / Limb Dysfunction), **MDy** (Muscular Dystrophy) **ASD** (Autism Spectrum Disorder) **M**- Mild MoD- Moderate, **ID** (Intellectual Disability), **SLD** (Specific Learning Disability), **MI** (Mental Illness), **MD** (Multiple Disabilities) Disabilities included in Group A to D,

**નોંધ:-**

(૧) અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામતનાં ધોરણો લાગુ પડશે.

(૨) શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટે કોઇ જગ્યા અનામત નથી, પરંતુ ઉપર દર્શાવ્યા મુજબની શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો અનામત સિવાયની જગ્યા પર ઉમેદવારી કરી શકશે. શારીરિક રીતે અશક્ત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં). શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ **Online** ફોર્મમાં **Personal Details** માં પોતાની અશક્તતાની ટકાવારી / વિગત દર્શાવવાની રહેશે.

(૩) ઉપર દર્શાવેલ જગ્યાઓમાં વધઘટ થવાની શક્યતા રહેલ હોઇ જગ્યાઓમાં વધઘટ થઇ શકશે.

(૪) અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.

(૫) સામાન્ય વહિવટ વિભાગના તા. ૧૧/૧૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક–સીઆરઆર/૧૦૯૬/૨૨/૧૩/ગ.૨(ભાગ–૧) ની જોગવાઈઓ ધ્યાને લઈને, મહિલાઓ માટે અનામત જગાઓ રાખવામાં આવેલ છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો, તે જગ્યા સંબંધિત કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(૬) માજી સૈનિક માટે નિયમાનુસાર ૧૦ % જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા અન્ય સામાન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનુ સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. માજી સૈનિક તરીકેની ફરજ ચાલુ હોય તેવા ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ તેઓ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.

(૭) શારીરિક રીતે અશક્ત(દિવ્યાંગ) ઉમેદવારોની જગ્યાઓ જે તે કેટેગરી સામે સરભર કરવામાં આવશે. શારીરિક રીતે અશક્ત(દિવ્યાંગ) ઉમેદવારોની જગ્યા માટે લાયક શારીરિક રીતે અશક્ત(દિવ્યાંગ) ઉમેદવારો ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા અન્ય સામાન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

ઉમેદવાર, સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઈ–૭/ગ–૨ ના ઠરાવની જોગવાઈ મુજબ વિકલાંગતાની ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતાં હશે, તો જ શારીરિક રીતે અશક્ત(દિવ્યાંગ) ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧–૧૨–૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંકઃ પરચ–૧૦૨૦૦૮–૪૬૯૫૪૦–ગ.૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/ સિવિલ સર્જન/ મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

(૮) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી, ઉમેદવારોએ મેળવેલ માર્કસના મેરીટસને ધ્યાને લઈ કરવામાં આવે છે તેથી આવી જગ્યાઓ માટે પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મેરીટસમાં આવતી મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

૨. <u>પગાર ધોરણ</u>:-

નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ અને ત્યારબાદ તા.૨૯/૦૪/૨૦૧૦, તા.૦૬/૧૦/૨૦૧૧ તથા તા.૨૦/૧૦/૨૦૧૪ ના સુધારા ઠરાવ, તા.૨૦/૧૦/૨૦૧૫ અને તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ-૨)/ઝ.૧ તથા તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૪/ઝ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના નિયત ફિક્સ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે અને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧/૨૦૧૫/ ૩૧૨૯૧૧ /ગ.૫ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/ ૫૭/(પાર્ટ-૩)/ઝ.૧ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ **SLP No. 14124/2012** અને **SLP No. 14125/2012** ના ચુકાદાને આધીન રહેશે.

| જાહેરાત ક્રમાંક | વિભાગ/ ખાતાની વડાની કચેરીનું નામ | સંવર્ગનું નામ | પ્રથમ પાંચ વર્ષ સુધી મળનાર ફિક્સ પગાર |
|---|---|---|---|
| **૨૧૩/૨૦૨૩૨૪** | સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગાંધીનગર | સર્વેયર, વર્ગ-૩ | ૨૬,૦૦૦/- |
| **૨૧૪/૨૦૨૩૨૪** | સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગાંધીનગર | સીનીયર સર્વેયર, વર્ગ-૩ | ૪૦,૮૦૦/- |
| **૨૧૫/૨૦૨૩૨૪** | નિયામકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન, ગાંધીનગર | પ્લાનીંગ આસીસ્ટન્ટ, વર્ગ-૩ | ૪૯,૬૦૦/- |
| **૨૧૬/૨૦૨૩૨૪** | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | સર્વેયર, વર્ગ-૩ | ૪૦,૮૦૦/- |
| **૨૧૭/૨૦૨૩૨૪** | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | વર્ક આસીસ્ટન્ટ, વર્ગ-૩ | ૨૬,૦૦૦/- |
| **૨૧૮/૨૦૨૩૨૪** | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ઓક્યુપેશનલ થેરાપીસ્ટ, વર્ગ-૩ | ૪૯,૬૦૦/- |
| **૨૧૯/૨૦૨૩૨૪** | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | સ્ટરીલાઈઝર ટેક્નીશીયન, વર્ગ-૩ | ૪૦,૮૦૦/- |
| **૨૨૦/૨૦૨૩૨૪** | નાણા વિભાગ | કન્યાન તાંત્રિક મદદનીશ, વર્ગ-૩ | ૪૦,૮૦૦/- |
| **૨૨૧/૨૦૨૩૨૪** | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ગ્રાફિક ડિઝાઇનર, વર્ગ-૩ | ૪૦,૮૦૦/- |
| **૨૨૨/૨૦૨૩૨૪** | ઉદ્યોગ અને ખાણ વિભાગ | મશીન ઓવરશીયર, વર્ગ-૩ | ૪૯,૬૦૦/- |
| **૨૨૩/૨૦૨૩૨૪** | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વાયરમેન, વર્ગ-૩ | ૨૬,૦૦૦/- |
| **૨૨૪/૨૦૨૩૨૪** | ઉદ્યોગ અને ખાણ વિભાગ | જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ, વર્ગ-૩ | ૨૬,૦૦૦/- |

૩. **રાષ્ટ્રીયતા:– ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.** અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ–૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઇએ.

## ૪.૧. વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાતની વિગતો:–

| જા.ક. | સંવર્ગ | વયમર્યાદા / શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| **૨૧૩/ ૨૦૨૩૨૪** | **સર્વેયર, વર્ગ–૩ (મહેસુલ વિભાગ)** | (ક) તા. **૦૨/૧૨/૨૦૨૩** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને<br>(ખ) (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુ.જી.સી. એક્ટ–૧૯૫૬ ના સેકશન–૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ **સિવિલ એન્જિનિયરિંગનો ડિપ્લોમા** ધરાવતો હોવો જોઇશે. અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;<br>**અથવા**<br>(૨) સરકારે માન્ય કરેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાંથી **એક વર્ષ/બે વર્ષનો સર્વેયરનો કોર્ષ** પાસ કર્યાનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇશે; અને<br>(૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(૪) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે. |
| **૨૧૪/ ૨૦૨૩૨૪** | **સીનીયર સર્વેયર, વર્ગ–૩** | (ક) તા.**૦૨/૧૨/૨૦૨૩** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને<br>(ખ) (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુ.જી.સી. એક્ટ–૧૯૫૬ ના સેકશન–૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સિવિલ અથવા આર્કિટેક્ચર અથવા કોમ્પ્યુટર અથવા કોમ્પ્યુટર સાયન્સ અને એન્જિનીયરીંગ અથવા ઇન્ફોર્મેશન ટેકનોલોજી અથવા ઇલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન અથવા ઇલેક્ટ્રોનીક્સ અથવા ઇલેક્ટ્રોનીક્સ એન્ડ ટેલિકોમ્યુનિકેશનમાં એન્જિનિયરિંગ/ટેકનોલોજીમાં સ્નાતકની પદવી અથવા ઇન્ફોર્મેશન ટેકનોલોજીમાં વિજ્ઞાન સ્નાતક અથવા કોમ્પ્યુટર એપ્લીકેશનમાં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે;<br>(૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(૪) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે. |
| **૨૧૫/ ૨૦૨૩૨૪** | **પ્લાનીંગ આસીસ્ટન્ટ, વર્ગ–૩** | (ક) તા.**૦૨/૧૨/૨૦૨૩** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને<br>(ખ) (૧) ઉમેદવાર માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી એટલે કે યુજીસી એક્ટ ૧૯૫૬ ના સેક્શન ૩ હેઠળ ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમ દ્વારા અથવા તે હેઠળ સ્થાપના થયેલ યુનિવર્સિટી અથવા એવી કોઇ અન્ય શૈક્ષણિક સંસ્થા તરીકે માન્યતા પ્રાપ્ત અથવા ડીમ્ડ–યુનિવર્સિટી તરીકે ઘોષિત કરાયેલ અથવા સમાવિષ્ટ કરાયેલ સંસ્થાનો **એન્જીનિયરીંગ/ટેકનોલોજીમાં સીવીલ એન્જીનિયરીંગ અથવા આર્કીટેક્ચર એન્જીનિયરીંગ અથવા પ્લાનીંગ એન્જીનિયરીંગ માં સ્નાતક કક્ષાની પદવી** ધરાવતો હોવો જોઇશે. |

| | | |
|---|---|---|
| | | (૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે.<br>(૪) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે. |
| **૨૧૬/ ૨૦૨૩૨૪** | **સર્વેયર, વર્ગ–૩** | (ક) તા.**૦૨/૧૨/૨૦૨૩** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને<br>(ખ) (૧) ઉમેદવાર કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાંટ્સ કમિશન અધિનિયમ–૧૯૫૬ ની કલમ–૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી **સિવિલ એન્જિનિયરિંગનો ડિપ્લોમા** ધરાવતો હોવો જોઇએ.<br>(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે.<br>(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે. |
| **૨૧૭/ ૨૦૨૩૨૪** | **વર્ક આસીસ્ટન્ટ, વર્ગ–૩** | (ક) તા.**૦૨/૧૨/૨૦૨૩** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને<br>(ખ) (૧) ઉમેદવાર ટેક્નીકલ પરીક્ષા બોર્ડ અથવા ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુ.જી.સી. એકટ–૧૯૫૬ ના સેકશન–૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી **સિવિલ એન્જિનિયરિંગમાં ડિપ્લોમા**ની લાયકાત ધરાવતો હોવો જોઇશે.<br>(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે.<br>(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે. |
| **૨૧૮/૨૦૨૩૨૪** | **ઓક્યુપેશનલ થેરાપીસ્ટ, વર્ગ–૩** | (ક) તા.**૦૨/૧૨/૨૦૨૩** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને<br>(ખ) (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાંટ્સ કમિશન એકટ–૧૯૫૬ ની કલમ–૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી **ઓક્યુપેશનલ થેરાપીમાં મેળવેલી સ્નાતકની પદવી** ધરાવતો હોવો જોઇશે.<br>(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે.<br>(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે. |
| **૨૧૯/૨૦૨૩૨૪** | **સ્ટરીલાઇઝર ટેક્નીશીયન, વર્ગ–૩** | (ક) તા.**૦૨/૧૨/૨૦૨૩** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને<br>(ખ) (૧) ઉમેદવાર કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાંટ્સ કમિશન અધિનિયમ–૧૯૫૬ ની કલમ–૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી **વિજ્ઞાનમાં ભૌતિકશાસ્ત્ર (ફિઝિક્સ) અથવા રસાયણશાસ્ત્ર (કેમીસ્ટ્રી) માં સ્નાતકની પદવી** ધરાવતો હોવો જોઇશે.<br>(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે.<br>(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે. |

| | | |
|---|---|---|
| **૨૨૦/૨૦૨૩૨૪** | **કન્યાન તાંત્રિક મદદનીશ, વર્ગ-૩** | (ક) તા.**૦૨/૧૨/૨૦૨૩** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને<br>(ખ) (૧) ઉમેદવાર કેન્દ્રિય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાંટ્સ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી **વાણિજ્ય અથવા કાયદામાં સ્નાતકની પદવી અથવા ગણિત અથવા આંકડાશાસ્ત્ર વિષય સાથે** મેળવેલ અન્ય વિદ્યાશાખાની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇએ. **અને**<br>(૨) ઇન્સ્યુરન્સ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડિયામાંથી સામાન્ય વીમા વિષયનું લાયસન્સીએટનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇએ.<br>(ગ) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે. |
| **૨૨૧/૨૦૨૩૨૪** | **ગ્રાફિક ડિઝાઇનર, વર્ગ-૩** | (ક) તા.**૦૨/૧૨/૨૦૨૩** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૭ વર્ષથી વધુ ન હોવી જોઇશે; **અને**<br>(ખ) (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાંટ્સ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવે **પ્રિન્ટિંગ ટેક્નોલોજીમાં સ્નાતકની પદવી** ધરાવતો હોવો જોઇશે;<br>**અને**<br>(અ) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં ડેસ્ક ટોપ પબ્લિશીંગ ઓપરેટર, વર્ગ-૩ ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગા ઉપરનો આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા<br>(બ) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં ડેસ્ક ટોપ પબ્લિશીંગ ઓપરેટર, વર્ગ-૩ ની જગાને સમકક્ષ ગણી શકાય તેવી, સરકારી અથવા ખાનગી જાહેરાત (એડવર્ટાઇઝીંગ) એજન્સી અથવા પ્રિન્ટ મીડિયા હાઉસ અથવા ડિઝાઇનીંગ એજન્સી અથવા ડિઝાઇન સ્ટુડિયોમાં ડિઝાઈનીંગના ક્ષેત્રમાં **આશરે બે વર્ષનો અનુભવ** ધરાવતો હોવો જોઇશે;<br>**અથવા**<br>(૨) ટેકિનકલ પરીક્ષા બોર્ડ અથવા ભારતમાં કેન્દ્રિય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાંટ્સ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ **પ્રિન્ટિંગ ટેક્નોલોજીમાં ડિપ્લોમા** ધરાવતો હોવો જોઇશે; **અને**<br>(અ) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં ડેસ્ક ટોપ પબ્લિશીંગ ઓપરેટર, વર્ગ-૩ ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગા ઉપરનો **આશરે ચાર વર્ષનો અનુભવ** ધરાવતો હોવો જોઇશે; **અથવા**<br>(બ) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં ડેસ્ક ટોપ પબ્લિશીંગ ઓપરેટર, વર્ગ-૩ ની જગાને સમકક્ષ ગણી |

| | | |
|---|---|---|
| | | શકાય તેવી, સરકારી અથવા ખાનગી જાહેરાત (એડવર્ટાઈઝીંગ) એજન્સી અથવા પ્રિન્ટ મીડિયા હાઉસ અથવા ડિઝાઈનીંગ એજન્સી અથવા ડિઝાઈન સ્ટુડિયોમાં ડિઝાઈનીંગના ક્ષેત્રમાં **આશરે ચાર વર્ષનો અનુભવ** ધરાવતો હોવો જોઇશે.<br>(ગ) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઇશે. |
| **૨૨૨/૨૦૨૩૨૪** | **મશીન ઓવરશીયર, વર્ગ-૩** | (ક) તા.**૦૨/૧૨/૨૦૨૩** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૬ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને<br>(ખ) (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાંટ્સ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે ગણાતી જાહેર થયેલી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ **પ્રિન્ટિંગ ટેક્નોલોજી અથવા ગ્રાફિક આર્ટમાં સ્નાતકની પદવી** ધરાવતો હોવો જોઇએ અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઇશે અને જુદા-જુદા રંગવાળા અદ્યતન મુદ્રણ યંત્રો ચલાવવાનો **એક વર્ષનો પ્રત્યક્ષ અનુભવ** હોવો જોઇશે;<br>**અથવા**<br>(૨) ટેકનિકલ પરીક્ષા બોર્ડ અથવા સરકારે માન્ય કરેલ બીજી કોઇ પણ શૈક્ષણિક સંસ્થામાંથી **પ્રિન્ટિંગ ટેક્નોલોજી અથવા ગ્રાફિક આર્ટમાં ડિપ્લોમા** ધરાવતો હોવો જોઇશે અને જુદા-જુદા રંગવાળા અદ્યતન મુદ્રણ યંત્રો ચલાવવાનો **ત્રણ વર્ષનો પ્રત્યક્ષ અનુભવ** હોવો જોઇશે.<br>(ગ) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવેલી કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(ઘ) ગુજરાતી અને/અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.<br>પરંતુ ઓફ-સેટ મશીનો સાથે સંકળાયેલા યાંત્રિક કાર્યો, નાની ગોઠવણો અને રોજિંદો યંત્ર નિભાવ, કામગીરી કરતાં પહેલાં યંત્રોને તૈયાર કરવાનો અનુભવ ધરાવતા ઉમેદવારને અગ્રતા આપી શકાશે. |
| **૨૨૩/૨૦૨૩૨૪** | **વાયરમેન, વર્ગ-૩** | (ક) તા.**૦૨/૧૨/૨૦૨૩** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૬ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને<br>(ખ) (૧) ટેક્નિકલ પરીક્ષા બોર્ડ અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી સંસ્થાએ આપેલ **ઈલેક્ટ્રિકલ અથવા ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગનો ડિપ્લોમા** ધરાવતો હોવો જોઇશે (આ શૈક્ષણિક લાયકાતની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત તરીકે ઈલેક્ટ્રીકલ અથવા ઈલેક્ટ્રોનિક્સ એન્જીનિયરીંગની ડિગ્રીને ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૮/૧૦/૨૦૧૬ ના પત્રથી માન્ય ગણવાનો અભિપ્રાય આપેલ છે. તેથી આ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પણ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.) ,<br>**અથવા**<br>(૨) માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે યોજેલી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા **(SSC)** પાસ કરેલ અથવા સરકારે માન્ય કરેલી સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે, **અને,**<br>(૩) સરકારે માન્ય કરેલી સંસ્થામાંથી મેળવેલ **સેકન્ડ કલાસ વાયરમેન પ્રમાણપત્ર** ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે માન્ય કરેલી સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે, **અને** |

| | | |
|---|---|---|
| | | (૪) ઉપર ઠરાવ્યા પ્રમાણેની લાયકાત મેળવ્યા પછી, વાયરીંગનો, ઇલેક્ટ્રીકલ સ્થાપન (ઈન્સ્ટોલેશન) અને સમારકામના કામનો **ત્રણ વર્ષનો અનુભવ** ધરાવતો હોવો જોઇશે.<br>(ગ) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(ઘ) ગુજરાતી અને/અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે. |
| **૨૨૪/૨૦૨૩૨૪** | **જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ, વર્ગ-૩** | (ક) તા.**૦૨/૧૨/૨૦૨૩** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૪ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને<br>(ખ) (૧) માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી **ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષા વિજ્ઞાન પ્રવાહમાં પાસ** કરેલ હોવો જોઇશે અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે; **અને**<br>(૨) ઔદ્યોગિક તાલીમ સંસ્થાની પરીક્ષાનો **પ્લેટ મેકીંગ (પ્લેટ બનાવવાનો) પ્રમાણપત્ર અભ્યાસક્રમ** પાસ કરેલ હોવો જોઇશે અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે (આ શૈક્ષણિક લાયકાતની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત તરીકે ડિપ્લોમા ઈન પ્રિન્ટીંગ ટેકનોલોજી અને ડિગ્રી ઈન પ્રિન્ટીંગ ટેકનોલોજી ને ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૮/૧૦/૨૦૧૬ ના પત્રથી માન્ય ગણવાનો અભિપ્રાય આપેલ છે. તેથી આ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પણ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.);<br>પરંતુ પ્રક્રિયા વિભાગમાં એપ્રેન્ટીસશીપ તાલીમ લીધી હોય અને ઠરાવેલી પરીક્ષા પાસ કરેલ હોય તેવા ઉમેદવારોને અગ્રતા આપી શકાશે. **અને**<br>(૩) ઓછામાં ઓછું એક ઓફસેટ મશીન હોય તેવા પ્રિન્ટીંગ પ્રેસમાં અદ્યતન ફોટોગ્રાફી પ્રોસેસીસ, ઓફસેટ પ્લેટ મેકીંગ અને ગ્રેઈનીંગ વગેરેનો **આશરે એક વર્ષનો અનુભવ** ધરાવતો હોવો જોઇશે.<br>(ગ) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(ઘ) ગુજરાતી અને/અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે. |

**નોંધઃ-**

**(૧)** ઉપર દર્શાવેલ તમામ સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અગત્યના મુદ્દાઓનો અરજીપત્રકમાં સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ આખરી પસંદગી સમયે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ જોગવાઇઓને ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઇને જ અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે.

**(૨)** દરેક સંવર્ગની ઉપલી વયમર્યાદા માટે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ તેમજ જે તે સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ જોગવાઇ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૯/૨૦૧૨ અને તા.૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧૨૦૦૮/૨૮૨૩૨૩/ગ-૫ ની જોગવાઇઓ અને તે અન્વયે થયેલ સુધારાને ધ્યાને લેવામાં આવેલ છે.

**(૩) દરેક સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબંધિત વિભાગ/ ખાતાના વડાની કચેરીનો પરામર્શ કરીને યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.**

## ૪.૨. વયમર્યાદામાં છૂટછાટ:-

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, શારિરીક વિકલાંગ ઉમેદવારો અને સરકારી સેવામાં અગાઉથી ફરજ બજાવતા હોય તેવા કર્મચારી ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
| --- | --- | --- |
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારો (૫+૧૦=૧૫) | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦) | ૨૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| માજી સૈનિક ઉમેદવારો | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. | |

**(૧)** જે સંવર્ગની જગ્યાઓમાં **S.E.B.C.** કેટેગરી (શા.શૈ.પ.વર્ગ) ના ઉમેદવારો માટે અનામત છે તેવા **S.E.B.C.** કેટેગરી (શા.શૈ.પ. વર્ગ) ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૦૨૧/૨૦૨૧–૨૦૨૨/ ૨૦૨૨–૨૦૨૩ ની આવકના આધારે રાજય સરકારની નોકરી માટે **તા. ૦૧/૦૪/૨૦૨૧ થી તા. ૦૨/૧૨/૨૦૨૩** દરમ્યાન નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ(પરિશિષ્ઠ–૪ મુજબ ગુજરાતી નમૂનામાં) મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ જનરલ– સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી અંગે તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

**(૨)** જે સંવર્ગની જગ્યાઓમાં **E.W.S.** કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારો માટે અનામત છે તેવા **E.W.S.** કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારોએ રાજય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃઇ.ડબલ્યુ.એસ /૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમુના (અંગ્રેજીમાં એનેક્ષર- **KH** અથવા ગુજરાતીમાં **પરિશિષ્ટ-ગ)** માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે.

**સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ- ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ (issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે.** ઉમેદવાર આર્થિક રીતે નબળા વર્ગ તરીકેનું પાત્રતા પ્રમાણપત્ર **તા.૦૩/૧૨/૨૦૨૦ થી તા.૦૨/૧૨/૨૦૨૩** દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ જનરલ–સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી અંગે તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

**(૩) અનામત વર્ગના એસ.સી., એસ.ટી., એસ.ઇ.બી.સી. કેટેગરીના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં** મેળવેલ હોવું જોઇશે.

**(૪)** ઉમેદવાર, દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતાં હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃ પરચ–૧૦૨૦૦૮–૪૬૯૫૪૦–ગ.૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

**(૫)** માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનુ સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૧૮ ના જાહેરનામા ક્રમાંકઃ **GS/2018-(2)-RES-1085/3433/G-2** ની જોગવાઇ મુજબ ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. માજી સૈનિક તરીકેની ફરજ ચાલુ હોય તેવા ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ તેઓ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.

**(૬)** માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

**(૭) ઉમેદવારે Online અરજીપત્રકમાં વિગતો ભરતાં સમયે જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક Confirm થયેથી જાતિ (કેટેગરી) માં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.** તેથી, જો કોઇ ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ અરજી કરવાના નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યૂ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરશે નહીં તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

## ૫. કોમ્પ્યુટરની જાણકારી

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ ક્રમાંક: સીઆરઆર–૧૦–૨૦૦૭–૧૨૦૩૨૦–ગ.૫ થી નિયત કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ– ૧૦ **અથવા** ધોરણ–૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી **"રદ"** કરશે.

## ૬. શૈક્ષણિક લાયકાત/ વયમર્યાદા/ વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ:–

જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, અનુભવ, નોન–ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે **તા. ૦૨/૧૨/૨૦૨૩** ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

## ૭. અરજી કરવાની રીત :–

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ દ્વારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારો **તા.૧૭/૧૧/૨૦૨૩** (**બપોરના ૧૪–૦૦ કલાક**) થી **તા.૦૨/૧૨/૨૦૨૩** (સમય રાત્રીના **૨૩–૫૯** કલાક સુધી) દરમ્યાન **"https:// ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર ઓન–લાઈન અરજીપત્રક ભરી શકશે. ઉમેદવાર એક સંવર્ગ માટે એક જ અરજી કરી શકશે. તેમ છતાં કોઇ ઉમેદવાર એક કરતાં વધુ અરજી રજીસ્ટર્ડ કરશે તો તેવા ઉમેદવારોના કિસ્સામાં સૌથી છેલ્લે કન્ફર્મ થયેલી અરજી માન્ય ગણીને તે સિવાયની બાકીની તમામ અરજીઓ રદ થશે. આ બાબતની વિગતવાર સુચના અરજી કરવાની રીતના પેટા મુદ્દા નં. (૧૪) માં પણ આપેલ છે.

**ઉમેદવારે અરજીપત્રક ભરવા માટેઃ–**

**(૧)** સૌ પ્રથમ **"https://ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર જવું. અને ત્યાર બાદ

**(૨)** **"On line Application"** માં **Apply** પર **Click** કરવું અને **GSSSB** સિલેકટ કરવું.

**(૩)** ઉમેદવારે જાહેરાત ક્રમાંક:– ૨૧૨/૨૦૨૩૨૪ થી ૨૨૫/૨૦૨૩૨૪ પૈકી જે સંવર્ગની જાહેરાત માટે ઉમેદવારી કરવા માંગતા હોય તે જાહેરાતના સંવર્ગના નામ પર **Click** કરી **Apply** પર કિલક કરવું. ત્યાર બાદ સ્ક્રીન પર **More Details** અને **Apply now** ના ઓપ્શન ખુલશે. જેમાં **More**

**Details** પર **Click** કરવાથી વિગતવાર જાહેરાતની વિગતો જોવા મળશે. જે ઉમેદવારોએ વાંચી જવી.

**(૪)** જ્યારે **"Apply now"** પર **Click** કરવાથી નવી વિન્ડો ખુલશે. જેમાં **"Skip"** પર ક્લિક કરવાથી **Application Format** ખુલશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. (અહીં લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

**(૫) Personal Details** ભરાયા બાદ **"Educational Details"** ભરવાની રહેશે.

**(૬)** ત્યાર બાદ "Assurance" (બાંહેધરી) માં દર્શાવેલ શરતો સ્વીકારવા માટે **"Yes" Select** કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

**(૭)** હવે **"save"** પર **Click** કરવાથી ઉમેદવારનો **"Application Number" generate** થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

**(૮)** હવે **Upload Photograph** પર **Click** કરો અહીં તમારો **application number type** કરો અને તમારી **Birth date** type કરો. ત્યારબાદ **ok** પર **Click** કરવું. અહીં **photo** અને **signature upload** કરવાના છે. **(Photo** નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને **Signature** નું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) **(photo** અને **signature upload** કરવા સૌ પ્રથમ તમારો **photo** અને **signature jpg format** માં (**15 kb**) સાઈઝથી વધે નહિ તે રીતે સ્કેન કરી **computer** માં સેવ કરેલા હોવા જોઈશે.) **photo** અને **signature** અપલોડ કરવા માટે **"browse" button** પર **Click** કરો. હવે **choose file** ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં **jpg format** માં તમારો **photo store** થયેલ છે, તે ફાઈલને **select** કરો અને **"open" button** ને **Click** કરો. હવે **"browse" button** ની બાજુમાં **"upload" button** પર Click કરો. હવે બાજુમાં તમારો **photo** દેખાશે. હવે આજ રીતે **signature** પણ **upload** કરવાની રહેશે. જે **photo** અને **signature** અપલોડ કરવામાં આવ્યા હશે તે જ **photo** લેખિત પરીક્ષાના હાજરીપત્રકમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ **signature** કરવાની રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણૂંક સુધીના દરેક તબક્કે મંડળ/સંબંધિત ખાતાના વડા માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે. આથી ફોટોગ્રાફની ચારથી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજુ થશે તો ફાળવણી/ નિમણૂંકમાં બાધ આવી શકશે. જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

**(૯)** હવે પેજના ઉપરના ભાગમાં **Online Application** ટેબમાં **"Confirm Application"** પર **Click** કરો અને **"Application number"** તથા **Birth Date type** કર્યા બાદ **Ok** પર **Click** કરવાથી ઉમેદવારની **Basic Details** અને **confirm application** દેખાશે. ઉમેદવારને અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો **edit** કરી લેવું. અરજી કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ **confirm application** પર Click કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં **online** સ્વીકાર થઈ જશે. એકવાર ઓનલાઈન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઈ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ,

પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, શા.ખો.ખાં., વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી કરી લઈને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઈપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ મંડળ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે. **confirm application** પર **click** કરતાં અહીં **"confirmation number" generate** થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

**(૧૦)** હવે **print application** પર **Click** કરવું. અહીં **Select Job** માંથી જાહેરાત ક્રમાંક સિલેક્ટ કરીને તમારો **confirmation number** ટાઈપ કરવો અને જન્મતારીખ ટાઇપ કરવાથી તમારી અરજી ઓપન થશે. જેની પ્રિન્ટની નકલ કાઢી સાચવી રાખવી. નોંધાયેલ ઉમેદવાર અરજી કરવાની અંતિમ તારીખ સુધી **Online Application Form** ડાઉનલોડ કરીને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખે તે ઉમેદવારના હિતમાં છે. અરજી કરવાની અંતિમ તારીખ બાદ ઉમેદવાર **Application Form** ડાઉનલોડ કરી શકશે નહીં.

**(૧૧)** દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગવશાત, જો કોઈ ઉમેદવાર એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. બિન અનામત વર્ગના ઉમેદવારોએ છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**નોંધ:-** જાહેરાત ક્રમાંકઃ **૨૧૩/૨૦૨૩૨૪ થી ૨૨૪/૨૦૨૩૨૪** સામેના સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ ઓનલાઇન અરજી ભરવા સંબંધિત કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે મંડળની કચેરીના ફોન નંબર:**-૦૭૯-૨૩૨૫૮૯૧૬** પર સંપર્ક કરી શકાશે.

## ૮. પરીક્ષા ફી:-

- ફોર્મ ભરતી વખતે **" General "** કેટેગરી **Select** કરી હોય (દર્શાવી હોય) તેવા (**PH** તથા **Ex. Servicemen** કેટેગરી સિવાયના) તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે. **OJAS** વેબસાઈટ પરથી ઓનલાઈન ફી ભરવા માટેની છેલ્લી **તા.૦૫/૧૨/૨૦૨૩ (૨૩-૫૯ કલાક)** સુધીની રહેશે.
- અનામત કક્ષાના ઉમેદવાર જો બિન-અનામત જગ્યા માટે અરજી કરે તો પણ તેમણે પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં. પરંતુ પરીક્ષા ફી માંથી મુક્તિ માટે જે તે અનામત વર્ગના ઉમેદવારોએ ઓન-લાઇન એપ્લીકેશનમાં પોતાની કેટેગરી દર્શાવવાની રહેશે. અન્યથા પરીક્ષા ફી ભરવાની

રહેશે. અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી **Select** કરનાર ઉમેદવારોએ કોઈપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.

(ક) તમામ કેટેગરીના મહિલા ઉમેદવાર
(ખ) અનુસૂચિત જાતિ (**SC**)
(ગ) અનુસૂચિત જન જાતિ (**ST**)
(ઘ) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (**SEBC**)
(ચ) આર્થિક રીતે નબળા વર્ગ **(EWS)**
(છ) માજી સૈનિક (**Ex. Serviceman**) તમામ કેટેગરીના
(જ) શારિરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો (**PH**) તમામ કેટેગરીનાં

- જે ઉમેદવારોએ ફી ભરવાની છે તેવા ઉમેદવારો જ્યારે **OJAS** વેબસાઈટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને પરીક્ષા ફી ભરવા માટે ફરજીયાત ઓન-લાઈન ભરવાની રહેશે. ઓન-લાઈનના માધ્યમથી ફી ભરવા માટે **OJAS** વેબસાઈટ પર **Online Application** ટેબમાં **Print Application Form / Pay Fees** પર **Click** કરવાથી **Online Payment** માટેના **Options** દેખાશે. જેમાં **Online Payment of Fees** પર **Click** કરવું. જેમાં ડેબિટ કાર્ડ (**Debit Card**), ઈન્ટરનેટ બેંકિગ **(Internet Banking)**, **UPI** અથવા વૉલેટ (**Wallets**) દ્વારા ભરવાની રહેશે. આ ચાર માધ્યમ પૈકીના કોઈ પણ એક માધ્યમ દ્વારા ફી ભર્યા બાદ રીસીપ્ટ જનરેટ થશે, જેની પ્રિન્ટ મેળવી લેવાની સુચના મળશે. ઉમેદવારોએ આ રીસીપ્ટની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. **Online Application** ટેબમાં **Print Application Form / Pay Fees** પર **Click** કર્યા બાદ **Online Payment Reciept** પર ક્લીક કરવાથી પણ રીસીપ્ટની પ્રિન્ટ મેળવી શકાશે. ઓનલાઈન માધ્યમથી ફી ભરનાર ઉમેદવારે પરીક્ષા ફી પેટે રૂ.૧૦૦ અને નિયમોનુસાર ટ્રાન્ઝેક્શન ફી ભરવાની રહેશે.
- પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ તે ફી અન્ય કોઈ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. પરીક્ષા ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.
- **" General"** કેટેગરી **Select** કરનાર (શારીરિક ખોડખાંપણ તથા માજી સૈનિક કેટેગરી સિવાયના) ઉમેદવારો ફી ભરવાની નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફી નહીં ભરે તો તેવા ઉમેદવારોનું અરજી ફોર્મ કોઈપણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા **''રદ''** કરવામાં આવશે.

## ૯. પરીક્ષા પદ્ધતિ:-

રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પદ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં **MCQ-OMR / MCQ- Computer Based Response Test (CBRT)** પદ્ધતિથી **સ્પર્ધાત્મક પરીક્ષા** લેવામાં આવશે. પરીક્ષા: **Part-A** અને **Part-B** એમ બે ભાગમાં લેવામાં આવશે (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે)

**Part – A**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | ૩૦ |
| ૨ | ગાણિતીક કસોટીઓ | ૩૦ |
| | **કુલ ગુણ** | **૬૦** |

**Part – B**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન | ૩૦ |
| ૨ | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | **કુલ ગુણ** | **૧૫૦** |

**નોંધઃ** અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

**(૧)** **Part-A** માં કુલ ૬૦ પ્રશ્નો અને **Part-B** માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે. **Part-A** અને **Part-B** બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર રહેશે.

(**૨**) **Part-A** અને **Part-B** નું સ્વતંત્ર (અલાયદું) **Qualifying Standard** રહેશે.

(**૩**) **M.C.Q.** પદ્ધતિમાં ખોટા જવાબ આપનાર અથવા પ્રશ્નનો જવાબ ન આપેલ હોય તો તેવા સંજોગોમાં ૦.૨૫ માર્ક ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવામાં આવશે. **"જવાબ આપવા માંગતા નથી"** નો પાંચમો વિકલ્પ આપવામાં આવશે. જે ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરશે તે સંજોગોમાં નેગેટીવ માર્કીંગ ગણવામાં આવશે નહીં એટલે કે ૦.૨૫ માર્ક્સ કપાશે નહીં.

**(ખ) જે તે સંવર્ગની જાહેરાત અન્વયે મંડળ દ્વારા તે સંવર્ગની MCQ -OMR પધ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવી કે MCQ પધ્ધતિથી Computer Based Response Test (CBRT) લેવી તે નકકી કરવામાં આવશે.**

**(ગ) જા.ક્ર. ૨૧૩/૨૦૨૩૨૪ થી જા.ક્ર. ૨૨૪/૨૦૨૩૨૪** માટે સ્પર્ધાત્મક પરીક્ષાના **Part-A** અને **Part-B** બંને માટે **Qualifying Standard ૪૦%** રહેશે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે **૪૦ ટકા માર્કસ** કરતાં ઓછું **Qualifying Standard** કોઈપણ સંજોગોમાં નક્કી કરવામાં આવશે નહીં. પરીક્ષાના **Part-A** અને **Part-B** માં **Qualifying Standard** જાળવીને કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બે ગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે મંડળ દ્વારા લાયક (કવોલીફાય) ગણવામાં આવશે.

## ૧૦. પસંદગી/ પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની પધ્ધતિ:-

ઉમેદવારોએ ઉકત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટસ આધારે કેટેગરીવાઇઝ ભરવાની થતી જગ્યાની વિગતો ધ્યાને લઇ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ ના ઠરાવ

ક્રમાંક: પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ–૨ ની જોગવાઇઓ ધ્યાને લઇ પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

## ૧૧. સામાન્ય શરતો:–

**૧૧.૧** જાહેરાતમાં જે કેટેગરીના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે તેવી કેટેગરીના ઉમેદવારને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષથી વધે નહીં તે રીતે જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

**૧૧.૨** અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહિ. પરંતુ પરીક્ષા ફી માટે જે તે અનામત વર્ગના ઉમેદવારોએ પોતાની જાતિ– વર્ગ દર્શાવવાનો રહેશે. અન્યથા બિન–અનામત વર્ગ માટે નિયત કરવામાં આવેલ પરીક્ષા ફી ભરવાની રહેશે.

**૧૧.૩** બિનઅનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને પણ બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

**૧૧.૪.૧** અનામત વર્ગના ઉમેદવારોએ **જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં** મેળવેલ હોવું જોઇશે.

**૧૧.૪.૨** સા. અને શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: સસપ/૧૧૦૯/૧૬૬૩/અ થી નિયત થયેલ પરિશિષ્ટ–૪ (ગુજરાતી) ના નમુનામાં તેમજ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૨/૦૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ ની જોગવાઇ અનુસાર **તા. ૦૧/૦૪/૨૦૨૧ થી અરજી કરવાની છેલ્લી તા. ૦૨/૧૨/૨૦૨૩** દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી **રદ** થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ–૪ ના નિયત નમુનામાં (ગુજરાતી) નોન ક્રિમિલીયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે.

**૧૧.૪.૩ આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના** ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક–ઈ.ડબલ્યુ.એસ./ ૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ થી નિયત થયેલ નમુના **Annexure - KH** (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ– ગ (ગુજરાતી) નમૂનામાં **તા.૦૨/૧૨/૨૦૨૩** સુધીમાં મેળવેલ હોવું જોઇશે અને **સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:-ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૩-૯-૨૦૧૯ ની જોગવાઇ મુજબ તા. ૦૩/૧૨/૨૦૨૦ થી તા. ૦૨/૧૨/૨૦૨૩** દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે.

સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી **રદ** થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ–૪ ના નિયત નમુનામાં (ગુજરાતી) **નોન ક્રિમિલીયર સર્ટી** અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ

કરવાનુ રહેશે. **આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના** ઉમેદવારોએ રાજ્ય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ **Annexure - KH** (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ–ગ ના નિયત નમુનામાં (ગુજરાતી) **આર્થિક રીતે નબળા વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર** અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે.

**૧૧.૪.૪** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવુ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા– પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી રદ કરવામાં આવશે.

**૧૧.૫** જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આવું પ્રમાણપત્ર મંડળ દ્વારા અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ નહિ હોય તો તેમજ તેઓ બિન અનામત ઉમેદવાર તરીકેની વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ.

**૧૧.૬** બિનઅનામત વર્ગના ઉમેદવારોએ નિયત પરીક્ષા ફી ભરેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં.

**૧૧.૭ ઉમેદવારે અરજીમાં જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.** તેથી, જો કોઇ ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ અરજી કરવાના નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યૂ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરશે નહીં તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

**૧૧.૮** એથલેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફ્ટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિક્સ, જુડો, રાઈફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલ ની રમતો–ખેલકુદમાં **(1) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (2) આંતર યુનિવર્સિટી અથવા (3) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં** માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ઉમેદવારોએ ભાગ લીધેલ હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. **ઉકત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં.** ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ ઉમેદવારોએ સરકારે તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/ ૨૬૬૦/ગ.૨ તથા તા. ૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/ ૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે.

**૧૧.૯** વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર /૧૦૯૬/ ૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં મહિલા ઉમેદવાર વિધવા હોય તો તેણીએ અરજી ફોર્મમાં તે દર્શાવવાનું રહેશે અને અરજીમાં દર્શાવેલ હોય તે જ મહિલા વિધવા ઉમેદવારને **તેઓએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે.** પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલા ન હોવા જોઈએ. અને તે અંગે મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજુ કરવાના રહેશે.

**૧૧.૧૦** મંડળ તરફથી આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે મંડળની વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું.

**૧૨. સામાન્ય સુચનાઓ:–**

(૧) ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે - તે તબકકે **"રદ"** ગણવામાં આવશે.

**(૨) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત–સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)**

**(૩) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં મંડળ તરફથી આ પરિક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી કેટલીક સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે તેથી અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે.**

**(૪)** મંડળ જે કોઈ ઉમેદવારને **(૧)** તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે **(૨)** બીજાનું નામ ધારણ કરવા માટે **(૩)** બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે **(૪)** બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે **(૫)** યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે **(૬)** પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે **(૭)** પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા

માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે **(૮)** લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે **(૯)** પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે **(૧૦)** પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે **(૧૧)** પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા **(૧૨)** પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષતિ હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત–**(ક)** મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા **(ખ)(૧)** મંડળ, સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા **(૨)** રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. **(૧૩)** ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

**(૫)** ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો **Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023** અધિનિયમ માર્ચ,૨૦૨૩ થી અમલી કરેલ છે. સરકાર દ્વારા ઉક્ત અધિનિયમમાં **"examination authority"** તરીકે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનો પણ સમાવેશ કરેલ છે. આથી, મંડળ દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી સદર અધિનિયમ મંડળની પરીક્ષાઓમાં પણ લાગૂ પડે છે. આથી, ઉક્ત તમામ જાહેરાતોની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં જો કોઇ પણ ઉમેદવાર **Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023** ની જોગવાઇઓનો ભંગ કરતો જણાઇ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**(૬)** ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ દ્વારા **''રદ''** કરી શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/ નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, મંડળ/ નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે **''રદ''** કરવામાં આવશે.

**(૭)** મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.

**(૮)** પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

**(૯)** ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

**(૧૦)** ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

**૧૩.** આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

**તારીખ:- ૧૦/૧૧/૨૦૨૩** **હસમુખ પટેલ**
**સ્થળ:- ગાંધીનગર** **સચિવ**